# શિક્ષકો કર્મયોગી તાલીમનો ફાયદો ઉઠાવે

છેલ્લા કેટલાંક વર્ષોથી વેકેશનમાં શિક્ષકો માટેના તાલીમી કાર્યક્રમોનું સરકાર દ્વારા નિયમિત પણે આયોજન કરવામાં આવે છે. આ પાછળનો મુખ્ય ઉદેશ આજના શિક્ષકોને સતત અપડેટ કરવાનો છે.  આમ પણ આજના આઇ.ટી.યુગમાં જ્ઞાન સતત વધતું જાય છે, ત્યારે ભાવિપેઢીને તૈયાર કરનાર શિક્ષકોએ પણ સતત વિકસતું જ રહેવું પડે. આજે એવા ઘણાં ઘણાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ છે જેમાં શિક્ષકો કરતાં વિદ્યાર્થીઓ પાસે વધારે વિષયનું વધુ જ્ઞાન હોય છે. શિક્ષકો માટે એટલી સારી બાબત છે કે, આ વિચર્થીઓ શિક્ષકનું માન રાખીને તેમને વર્ગ બહાર કાઢી મૂકતા નથી, પણ આજનો વિચર્થી જે રીતે વિકસતો રહે છે, અને શિક્ષક જે રીતે આળસુ બનતો જાય ચે તે બાબત જો લાંબો સમય ચાલશે તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓ શિક્ષકને વર્ગમાં ઊભા પણ નહીં રહેવા દે. સતત બદલાતા અને વધતા જ્ઞાન સાથે શિક્ષકે માત્ર કદમ જ મિલાવવાના નથી, તેણે તો એક ડગલું આગળ રહીને વિચર્થીઓને પરેરના આપવાની છે, ત્યારે ટયુશન કે અન્ય ધંધામાં રચ્ચાપચ્ચા રહેતા કેટલા શિક્ષકો પોતાની જાતને અપડેટ કરવા માટે નિયમિત પૂરતા પ્રયત્નો કરે છે ? સરકાર પણ આ જાણે જ છે, આમછતાં સરકારના હૈયે એક બાબત ચોક્કસ છે કે શિક્ષકોને સતત અપડેટ રાખવા. માટે તો દરવર્ષે લાખો જ નહીં કરોડો રૂપિયાનો ખર્ચ કરીને શિક્ષક અને શિક્ષણ સુધારણાના અનેક કાર્યક્રમો કરે છે. જે માટે તજજ્ઞો, ડી.ઇ.ઓ. કચેરી, શાળાઓના કમિશ્નરશ્રીની કચેરી અને મા.શિ.બોર્ડ દિલપૂર્વકના અથાગ પ્રયત્નો કરે છે. આ સમય દરમિયાન વહીવટ અને કામ કરતા લોકોને જોઇએ તો ક્યારેક દયા આવે તેવી મહેનત તે લોકો કરતા હોય છે. આ બધુ કોના માટે ? શિક્ષન ાને શિક્ષક માટે જ.

આ લેખ લખવાની પ્રેરણા મળી એક જિલ્લાના શિક્ષકસંઘના મુખપત્રમાંથી. જેમાં તેમણે ડી.ઇ.ઓ. કચેરી પાસેથી આર.ટી.આઇ.નીચે કેટલીક માહિતી માંગેલ છે. માહિતી માગવાનો દરેકને હક્ક છે જ. પણ માહિતીનો પ્રકાર જોઇને ખ્યાલ આવી જાય કે આ માહિતી માંગવા પાછળનો તેમનો હેતુ કયો હશે? માંગેલ માહિતીના કેટલાક ઉદાહરણ અહીં રજૂ કરું છું.  તાલીમ દરમિયાન દિવસમાં ચા-નાસ્તો કેટલી વખત, કયા સમયે અને કેટલા રૂપિયાની મર્યાદામાં આપવામાં આવે ચે તેની માર્ગદર્શિકાની નકલ આપશો. તાલીમ દરમિયાન ભોજન કેટલી વખત, , કયા સમયે અને કેટલા રૂપિયાની મર્યાદામાં આપવામાં આવે ચે તેની માર્ગદર્શિકાની નકલ આપશો. એક વિષયની તાલીમ જેટલા દિવસ ચાલવાની હોય તેટલા દિવસના ચા-નાસ્તા અને ભોજનનું તારીખવાર મેનુની માહિતી આપશો. તાલીમ દરમિયાન ઉનાળાની ઋતુ હોઇ પાણી ઠંડુ આપવામાં આવશે કે સામાન્ય તેની માહિતી આપશો. પાણી મિનરલ પ્લાન્ટનું ાપવામાં આવશે કે સ્તાનિક જગ્યામાં પ્રાપ્ત થતું હોય તે પાણી આપવામાં આવશે તેની માહિતી આપશો. પ્રત્યેક તાલીમાર્થી દીઠ પ્રત્યેક દિવસના પીવાના પાણી પેટે કેટલા રૂપિયા ફાળવવામાં આવે છે તેની માહિતી આપશો. ગરમીની ઋતુમાં તાલીમનું આયોજન કરેલ હોઇ ડીહાઇડ્રેશન કે ફૂડ પોઇઝન જેવા પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેના માટે આયોજિત કરાયેલા એકશન પ્લાનની માહિતી આપશો. તાલીમ દરમિયાન તાલીમ સ્થળે જતાં ાવતાં કે તાલીમ સ્થળે જ કોઇપણ પ્રકારના અકસ્માતથી તાલીમાર્થીને ઇજા થાય, ગંભીર અકસ્માત થાય કે મૃત્યુ થાય તો તેનું વળતળ અને અન્ય લાભો માટે આ તાલીમ શિબિરોને ફરજ ઉપરની કામગીરી ગણવામાં આવી હોય તે બાબતના પરિપત્રની નકલ આપશો.

ઉપરોક્ત જેવી જુદા જુદા પ્રકારની લગભગ સત્તર જેટલી માહિતી માંગેલ છે. ત્યારે અહીં શિક્ષણ હિતચિંતકોને એક પ્રશ્ન થાય છે કે, માંગેલ માહિતીમાં એકપણ મુદ્દો શિક્ષણ વિષયક નથી. તાલીલ દરમિયાન શિક્ષકને શૈક્ષણિક ફાયદો થાય, તેનો શૈક્ષણિક વિકાસ થાય તેવી એકપણ બાબત નથી. મોટાભાગની બાબતો સગવડતાને લગતી છે. ત્યારે બીજો પ્રશ્ન એ પણ થાય કે, શિક્ષકો તાલીમ દરમિયાન મોજમજા કરવા

આવે છે? હા.... સગવડતા સારી હોય તો કામ કરવાની મજા આવે, પણ મુખ્ય બાબત શૈક્ષણિક હોવી જોઇએ કે સગવડતાની હોવી જોઇએ? શિક્ષકસંઘોએ તો શિક્ષકોની શૈક્ષણિક જરૂરિયાત જાણીને આયોજનકર્તાનું ધ્યાન દોરવું જોઇએ અને એમપણ કહેવું જોઇએ કે એક સગવડ ઓછી આપશો તો ચાલશે, પણ શૈક્ષણિક એક બાબતની ચર્ચા નહીં થાય તો અમને નહીં જ ગમે.

શિક્ષકસંઘ દ્વારા માંગવામાં આવેલી માહિતીને જ મુખ્ય મુદ્દો બનાવીને આપણે શિક્ષકસંઘ પાસે પણ કેટલીક માહિતી માંગી શકીએ. જેમકે, બાળકને શાળાએ જતાં આવતાં ઈજા કે અકસ્માત થાય તો તેને વળતળ કોણ આપશે ? તાલીમ દરમિયાન પીવાના ઠંડા અને મિનરલ પાણીની વાત છે તો શાળામાં વિદ્યાર્થીઓને મિનરલ અને ઠંડુ પાણી આપતી શાળાઓ કેટલી ? ઉનાળામાં તાલીમના ત્રણ દિવસ દરમિયાન ડિહાઇડ્રેશન કે ફૂડ પોઇઝન થાય તો પરીક્ષા દરમિયાન કે અન્ય દિવસે શાળામાં વિદ્યાર્થી સાથે આ ઘટના ન બને તે માટે કેટલી શાળા પાસે એકશન પ્લાન છે ? ખરા ઉનાળામાં પણ વેકેશનનો લાભ ન મેળવતા ક્લાર્ક કે પટાવાળા ભાઇને સાયકલ પર દોડાવતા તેને લૂ લાગશે તો ? કોઇ વાલી શિક્ષક પાસે માહિતી માંગે કે, તમે કયા દિવસે કયા વિષયમાં શું શીખવવાના છો ? કયા શૈક્ષણિક સાધનનો ઉપયોગ કરવાના છો ? ઉપરાંત વર્ષ દરમિયાન તમે શાળામાં કયા દિવસે મોડા આવ્યા હતા અને કયા દિવસે વહેલા નીકળ્યા હતા ? તમે કેટલીવાર કલાસમાં સમયસર પહોંચયા નથી અને કેટલીવાર કલાસમાં જઇને ભણાવ્યા સિવાયની પ્રવૃત્તિ કરી છે ? આ માહિતી સૌ શિક્ષકો વાલીને આપશે? શિક્ષકોએ તો તાલીમના ત્રણ દિવસ દરમિયાન જ કદાચ સામાન્ય અગવડતાને સહન કરવાની છે, પણ વિદ્યાર્થીઓ દરરોજ શિક્ષક ને કારણે સહન કરે છે તેનું શું ? સમયના પરિવર્તન સાથે શિક્ષકે પણ પરિવર્તન લાવવું પડશે. માટે જ કર્મયોગી તાલીમનો ફાયદો ઉઠાવો. આ તો ઘેર બેઠા ગંગા કહેવાય. આપણે ગંગાની ગંદકી નથી જોતા, તેની પવિત્રતા જ જોઇએ છીએ. સારા શિક્ષક બનવું હોય તો સરકાર દ્વારા ગોઠવાતી તાલીમથી પણ નહીં ચાલે, પોતાના ખર્ચે પુસ્તકો વસાવવા પડશે, સેમિનારમાં જવું પડશે, તાલીમ પણ લેવી પડશે. વિદ્યાર્થી પાસે જેટલી અપેક્ષા રાખીએ છીએ, તેનાથી અડધી બાબતોને આપણે પૂર્ણ કરીએ છીએ?

શિક્ષકસંઘની ખરી જવાબદારી શિક્ષકોને શૈક્ષણિક રીતે સતત તાજા રાખવાની પણ છે. આ કામ તેઓ સારી રીતે ન કરી શકતા હોય તો જે કરે છે તેને સહકાર આપવો જોઇએ. શિક્ષકોને તાલીમ માટે પ્રોત્સાહિત કરવા જોઇએ. તાલીમને તનમનથી સ્વીકારો અને બને તેટલો લાભ લેવો જોઇએ. તાલીમને હકારાત્મક દષ્ટિથી જોશો તો જ ફાયદો થશે. બાકી પાણીમાંથી તો પોળા કાઢવા ન બેસાય. અધ્યાપકો કે અધિકારી વર્ગને તો પોતાના ખર્ચે તાલીમ લેવી પડે છે, તો જ પગારમાં ફાયદો થાય છે. શિક્ષકો માટે સરકાર આવો નિર્ણય કરે તો ? શિક્ષકો તાલીમ લેવા જાય છે, કોઇની જાનમાં કે કોઇ હોટલમાં રહેવા નથી જતા, તે ધ્યાનમાં રાખીને મોટાપાયે થતાં કામમાં આવતી અગવડતાનો સ્વીકાર કરી લેવો જોઇએ. ઉનાળામાં જ તાલીમ કેમ ? તો ઉનાળામાં લગ્નો કયાં નથી હોતા ? ચાલુ શાળાએ વિદ્યાર્થીઓનું શૈક્ષણિકકાર્ય બગાડીને તાલીમ રાખવી તે બહુ યોગ્ય લાગતું નથી. વિષયવસ્તુમાં નબળા શિક્ષકોને સરકાર અને વિદ્યાર્થીઓ ચલાવી લે છે, તે માટે શિક્ષકસંઘોએ જે તે શિક્ષકના વિકાસ માટે કોઇ પ્રયત્ન કર્યા ? શિક્ષકસંઘો પોતાની જવાબદારીથી વાકેફ છે જ, સલાહ આપવાનો ઈરાદો સહેજ પણ નથી, ધ્યાન દોરવાનો નમ્ર પ્રયત્ન છે. સૌ શિક્ષકો હરખભેર તાલીમ લઇને નવું કશુંક વિદ્યાર્થીને આપવા જાય તે જ અપેક્ષા.